ધોરણ ૧૧ (સામાન્ય પ્રવાહ)

વિષય : અર્થશાસ્ત્ર. ANSWER KEY

Ansket
ધોની
Eco

વિભાગ : A

1. એડમ સ્મિથને
2. કિંમત
3. ઋણ
4. સંકોચન
5. ઇજારો
6. માળખાગત
7. FDI
8. રેલ્વે

વિભાગ : B

9. 'અર્થપૂર્ણ' પ્રવૃતિ એટલે 'કશુંક મેળવવા'ની અપેક્ષા સાથે થતી પ્રવૃતિ.

10. માંગ એટલે કોઇ એક ચોકકસ સ્થળે, સમયે ચોકકસ કિંમતે ગ્રાહકની વસ્તુ ખરીદવાની ઇચ્છા, શકિત અને તૈયારી.

11. સમયના ટૂંકા ગાળામાં ઉત્પાદન વધે, ઘટે કે શૂન્ય થતાં જે ખર્ચમાં કોઇ ફેરફાર થતો ન હોય તેવા ખર્ચને સ્થિર ખર્ચ કહે છે. સ્થિર ખર્ચની X- રેખા ને સમાંતર હોય છે.

12. માંગ અને પૂરવઠાનાં પરિબળો ધ્વારા વસ્તુ કે સેવાની કિંમત નક્કી કરવાની પ્રક્રિયા.

13. જે વસ્તુઓ કે સેવાઓના ખરીદ વેચાણ સમગ્ર રાષ્ટ્રમાં થતાં હોય તેવા બજારને

14. માનવવિકાસ અહેવાલની રચના સંયુકત રાષ્ટ્રમાં સંઘ કરે છે.

15. WTO નું પુરૂં નામ :- World Trade Organization.

16. માથાદીઠ આવક જાણવાનું સૂત્ર

$$\text{માથાદીઠ આવક} = \frac{\text{કુલ રાષ્ટ્રીય આવક}}{\text{કુલ વસ્તી}}$$

વિભાગ : C

17. ચોક્કસ સમય દરમિયાન કોઇપણ વસ્તુની જુદી-જુદી કિંમતે તમામ વ્યકિતઓ, ગ્રાહકો કે કુટુંબો ધ્વારા વસ્તુની જે માંગ થાય છે. તેનો સરવાળો કરતાં મળતી માંગને બજાર માંગ કહે છે.

18. એવો ગાળો કે જે ગાળામાં પેઢીના કદમાં ફેરફાર કરી શકાતો નથી. પરંતુ સ્થાપિત ઉત્પાદન શકિતનો ઉપયોગ કરીને ઉત્પાદન વધારી શકાય છે. જે ગાળા દરમિયાન પેઢીમાં યંત્રસામગ્રી, મકાન, પ્લાન્ટ જેવા સાધનો સ્થિર હોય છે.

19. ૧) ખરીદનારા અને વેચનારા ૨) વસ્તુઓ અને સેવાની માંગ અને વેચાણ ૩) વસ્તુ અને સેવાઓમાં ખરીદનારા અને વેચનારા વચ્ચેનો સંપર્ક ૪)વસ્તુઓ કે સેવાઓની કિંમત ૫) વેચનારા અને ખરીદનારાની બજાર સ્થિતિ અંગેની જાણકારી

20. બ્રિટિશ શાસનના વહીવટ માટે ભારતે ચૂકવવો પડતો ચાર્જ, 'હોમ ચાર્જિસ' અથવા ભરણાં તરીકે ઓળખાતો હતો. આવા ચાર્જિસ બ્રિટિશ અધિકારીઓના પગાર તથા પેન્શન, સંસ્થા, લશ્કરનું ખર્ચ, દેવા પરના વ્યાજની રકમ વગેરેનો સમાવેશ થતો હતો.

21. સ્વાતંત્ર્યવાળી મુકત અર્થ વ્યવસ્થામાં બદલાવામાં આવે ત્યારે તે આર્થિક સુધારા તરીકે ઓળખાય છે.

22. ૧) બેવડી ગણતરીની સમસ્યા ૨) સ્વ વપરાશની સમસ્યા ૩) ઘસારાની સમસ્યા ૪) કર ટાળો અને કરચોરીની સમસ્યા ૫) ગેરકાયદેસર આવકની સમસ્યા ૬) ચોખ્ખી વિદેશી આવકની સમસ્યા ૭) હિસાબની સમસ્યા

વિભાગ : D

23. પુરવઠાને અસર કરતાં અન્ય પરિબળો સ્થિર રહેતાં કિંમત પ્રેરિત ફેરફારને લીધે પુરવઠામાં થતું પરિવર્તન પુરવઠામાં વિસ્તરણ સંકોચન કહેવાય છે.

આકૃતિ :-



આકૃતિની સમજૂતી

24. સ્થિર ખર્ચ

ઉત્પાદન વધતાં જે ખર્ચ વધતો નથી

ઉત્પાદન ઘટતાં જે ખર્ચ ઘટતો નથી.

ઉત્પાદન શૂન્ય હોય તો પણ જે ખર્ચ કહેવાય છે.

કારખાનાની જમીન મકાનનું ભાડું, મુડીનું વ્યાજ, વેતન વગેરે ખર્ચનો સમાવેશ થાય છે.

પૂરક ખર્ચ પણ કહેવાય.

X- ધરીને સમાંતર હોય છે.

અસ્થિર ખર્ચ

ઉત્પાદન વધતાં જે ખર્ચ વધે છે. જે ખર્ચ ઘટે છે. ઉત્પાદન શૂન્ય હોય જે ખર્ચ શૂન્ય હોય છે તેને અસ્થિર ખર્ચ કહેવાય છે.

કાચોમાલ,વીજળી, બળતણ, શ્રમિકોનું વેરાઓ, વાહનવ્યવહાર વગેરે ખર્ચનો સમાવેશ થાય છે.

મુખ્ય ખર્ચ કહેવાય.

અસ્થિર ખર્ચ રેખાનો ઢાળ ધન છે.

25. જે બજારમાં ઇજારાના તત્વનો અભાવ હોય અને એકસાથે ઘણી પેઢીઓ સમાનગુણી વસ્તુઓનું વેચાણ કરે છે તેને પૂર્ણ હરીફાઇ કહે છે.

લક્ષણો:

૧) અસંખ્ય ખરીદનારા અને અસંખ્ય વેચનારા

૨) સમાનગુણી વસ્તુઓ

૩) પેઢીઓની મુક્ત અવર-જવર

૪) બજારની પરિસ્થિતિનું સંપૂર્ણ જ્ઞાન

૫) ઉત્પાદનનાં સાધનો સંપૂર્ણ ગતિશીલ

૬) વાહનવ્યવહાર ખર્ચનો અભાવ

અથવા

હરીફાઇનો સંપૂર્ણ અભાવ હોય છે. ઇજારો એક એવું બજાર છે, જ્યાં એક જ ઉત્પાદક કે વેચનાર હોય છે. ઇજારામાં કોઇ વસ્તુના બજારપુરવઠા પર સંપૂર્ણ અંકુશ ધરાવતો હોય છે.

લક્ષણો :-

1. એક જ ઉત્પાદક કે વેચનાર અને અસંખ્ય ખરીદનાર

2. નજીકની અવેજી વસ્તુની અભાવ
3. પેઢીઓનો પ્રવેશ બંધ
4. કિંમત અથવા વેચાણ પર કાબૂ
5. અસામાન્ય નફો
6. કિંમત ભેદભાવ
7. પેઢી એ જ ઉદ્યોગ

26.આર્થિક સુધારાના ઉદ્દેશો નીચે મુજબ છે.

૧. ભારતની કુદરતી સંપત્તિ અને માનવ સંપત્તિનો દેશના આર્થિક વિકાસ માટે મહત્તમ ઉપયોગ થાયતે માટે ખાનગી અને વિદેશી મૂડીરોકાણને પ્રોત્સાહન આપવું.
૨. દેશના સંસાધનોનો કાર્યક્ષમ રીતે મહત્તમ ઉપયોગ કરવો
૩. રાજ્યના ખર્ચમા ઘટાડો કરી પ્રજા-કલ્યાણની સગવડો વધારવી.
૪. દેશની આવક અને રોજગારી વધારવા તથા નિકાસ આવકો વધારવી.
૫. દેશના આર્થિક ક્ષેત્રે હરીફાઇનું તત્વ વધારવુ.
૬. લાંબાગાળે દેશનો આર્થિક વિકાસ અને આર્થિક વૃદ્ધિ થાય તેવી વ્યૂહ રચનાનું આયોજન કરવુ.

અથવા

અલિપ્ત અર્થતંત્ર અને ખુલ્લું અર્થતંત્ર તફાવત

| | |
|---|---|
| ૧.અલિપ્ત અર્થતંત્રમાં વિદેશ વેપારની કોઇ ભુમિકા હોતી નથી | ૧. ખુલ્લા અર્થતંત્રમાં વિદેશ વેપારની ભુમિકા હોય છે. |
| ૨.અલિપ્તઅર્થતંત્રમાં અન્ય દેશો સાથે આર્થિક વ્યવહારો હોતા નથી. | ૨. ખુલ્લા અર્થતંત્રમાં બીજાદેશો સાથે આયાત-નિકાસના સંબંધો હોય છે. |
| ૩.અલિપ્ત અર્થતંત્ર સ્વાવલંબી એટલેકે સ્વનિર્ભર હોય છે. | ૩. ખુલ્લા અર્થતંત્રમા અમુક કાર્યો સરકાર કરે છે. |

## વિભાગ - E

27 . બજારનો અર્થ :- સામાન્ય રીતે ચીજવસ્તુઓ અને સેવાઓની ખરીદી અને વેચાણની વ્યવસ્થાને બજાર કહે છે.

અર્થશાસ્ત્રની દ્રષ્ટીએ, " બજાર એક એવી વ્યવસ્થા છે, જેમાં ખરીદનારાઓ અને વેચનારાઓ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે એવા સંપર્કમાં આવે છે કે જે વસ્તુ અને સેવાની ખરીદી-વેચાણમાં પરિણમે છે."

બજારના અસ્તિત્વ માટે બે બાબતો જરૂરી છે.

૧) ગ્રાહક (ખરીદનાર અને વેચનાર વચ્ચે પ્રત્યક્ષ કે પરોક્ષ સંપર્ક

૨) વસ્તુ કે સેવાનાં ખરીદી અને વેચાણ, પરંતુ બજારના અસિતત્વ માટે કોઇ ચોક્કસ સ્થળ હોવું જરૂરી નથી.

બજારનાં લક્ષણો :-

1. ખરીદનારાઓ (ગ્રાહકો) અને વેચનારાઓ (વેપારીઓ):

2. વસ્તુઓ કે સેવાઓનું અસ્તિત્વ

3. ગ્રાહકો અને વેપારીઓ વચ્ચેનો સંપર્ક

4. સમાન કિંમતનું વલણ

5. બજાર સ્થિતિ અંગેની જાણકારી

અથવા

જવાબ: ભારતમાં 1991 થી કરવામાં આવેલા આર્થિક સુધારાઓ ઉદારીકરણ,ખાનગીકરણ,અને વૈશ્વિકીકરણને કારણે જે નવી આર્થિક નીતિ અપનાવી તેથી આર્થિક નિર્ણયોમા માંગ-પુરવઠાના પરિબળોનું મહત્વ વધ્યું છે. પરિણામે અર્થતંત્ર પર કેટલીક સાનુકૂળ અને પ્રતિકૂળ આર્થિક અસરો થઇ છે, જે નીચે પ્રમાણે છે.

સાનુકૂળ અસરો:

૧. દેશના ગ્રાહકોને આંતરરાષ્ટ્રીય ગુણવત્તાવાળી વસ્તુઓ સસ્તા દરે સહેલાઇથી મળતી થઇ

૨ નિકાસોમાં વધારો હુંડિયામણ ભંડોળમાં વધારો

૩. વિદેશી દેવા ઓછાં થયાં.

૪. ખાનગીક્ષેત્રોનો વિકાસ ને પરિણામે ઉત્પાદનવૃધ્ધિ થઇ અને બેકારી ઘટી.

૫. ભ્રષ્ટાચાર, અમલદારશાહી, વિલંબિત નિર્ણયોં, જડતા ક્રમશ: હળવા બન્યા.

૬. ઉપેક્ષા પામેલા ક્ષેત્રોને વેગ

૭. અન્ય દેશો સાથેના સંબંધો મજબૂત બન્યા.

૮. વસ્તુઓ અને સેવાઓની સગવડો વધી તેમાં વિવિધતા જોવા મળી.

પ્રતિકૂળ અસરો:

૧. નાના પાયાના ઉદ્યોગો અને ગૃહ ઉદ્યોગો ટકી ન શકતાં નુકશાન.

૨. આંતરરાષ્ટ્રીય સ્પર્ધાનો સામનો કરવો પડ્યો.

૩. સબસિડી ઘટતાં જાહેર સેવાઓની સુવિધા મોંઘી બની.

૪. ભારતીય ચલણ આંતરરાષ્ટ્રીય બજારમાં નબળું પડતાં આયાત ખર્ચમાં ખૂબ વધારો થયો.

૫. ભારતના વિદેશ વેપારને નુકશાન પહોંચ્યુ

૬. ઉદ્યોગોનો ઘણો વિકાસ થયો, પરંતુ તેમને માટે જરૂરી કાચો માલ અને માળખાકીય સુવિધાઓ મળી નહી.

૭. આર્થિક અસમાનતામાં વધારો

૮. જીવનજરૂરી વસ્તુઓ કરતાં મોજશોખની વસ્તુઓનો ઉત્પાદન અને વેચાણ

૯. સામાજિક-સાંસ્કૃતિક વારસાને અસર થવાથી તેમને નુકશાન થયું છે.

28. અલિપ્ત અર્થતંત્ર એવું અર્થતંત્ર છે,જેમાં વિદેશ વેપારની કોઇ ભૂમિકા હોતી નથી. આવા અર્થતંત્રને અન્યદેશો સાથે આર્થિક વ્યવહારો હોતા નથી. દેશો માથી વસ્તુ,સેવા કે સાધનોની નિકાસ કે વિદેશમાથી આયાત થતી નથી. અલિપ્ત અર્થતંત્ર સ્વ નિર્ભર હોય છે.

- રાષ્ટ્રીય આવકનો ચકાકાર પ્રવાહ સમજવા અર્થતંત્રને બે વિશાળ ક્ષેત્રમાં વહેંચવામાં આવે છે.
  ૧) ધંધાદારી પેઢીઓ અને ૨) સાધનના માલીકો એટલે કુટુંબો .

  આકૃતિ:-




આકૃતિની સમજૂતિ:

-આ નાણાંનો ઉપયોગ કરી પેઢીઓ સાધનો ખરીદી ફરીથી ઉત્પાદન કરી કુટુંબોનેચુકવણી કરે છે.અને કુટુંબો વસ્તુઓ અને સેવાઓની બજારમાથી ખરીદી કરી પેઢીઓને ચુકવણી કરે છે.

- પેઢિઓથી કુટુંબો તરફ અને કુટુંબોથી પેઢીઓ તરફ સતત વહેતા રહેતા નાણાંના આ પ્રવાહને રાષ્ટ્રીય આવકનો ચકાકારપ્રવાહ કહેવામા આવે છે, જે અર્થતંત્રને સતત ધબકતું રાખે છે.

અથવા

જવાબ:- રાષ્ટ્રીય આવક માપવાની આ પધ્ધતિ પ્રો.માર્શલે આપેલી રાષ્ટ્રીય આવકની વ્યાખ્યા પરથી વિકસાવવામાં આવી છે.

-આ પધ્ધતિ મુજબ,"વર્ષ દરમિયાન દેશમાં ખેતી,ઉધ્યોગ અને સેવાક્ષેત્રમાં ઉત્પન્ન થયેલ અંતિમ સ્વરૂપની વસ્તુઓ અને સેવાક્ષેત્રમાં ઉત્પાદનનું કુલ નાણાકીય મૂલ્ય રાષ્ટ્રીય આવક માપવામા આવે છે.

આ પધ્ધતિ ની મહત્ની બાબતો:

૧) અર્થતંત્રને ખેતી,ઉધ્યોગ,ખાણ,બાંધકામ,વેપાર-વાણિજ્ય,વાહનવ્યવહાર,સંદેશવ્યવહાર,બેન્કિંગ,શિક્ષણ તેમજ અન્ય સેવાઓ જેવાંઅનેક ક્ષેત્રોમાં વર્ગીકૃત કરવામાં આવે છે.

૨) અર્થતંત્રનાં જુદાંજુદાં ક્ષેત્રોમાં ઉત્પન્ન થતી માત્ર અંતિમ વપરાશની અને સેવાઓને ગણવામાં આવે છે. વચગાળાના ઉપયોગની વસ્તુઓ ગણવામાં આવતી નથી.

૩) ગૃહિણીના ઘરકામની સેવાઓ રાષ્ટ્રીય આવકમા ગણાતી નથી.

૪) સ્વ-વપરાશની વસ્તુઓનું નાણાકીય મૂલ્ય આંકી શકાતું નથી.

૫) સંરક્ષણ તેમજ પોલીસની સેવાઓની બજારમાં વેચાતી નથી.

૬) પોતાના મકાનને જે ભાડુ મળી શકત તે આરોપિત ભાડાંનું મૂલ્ય રાષ્ટ્રીય આવકમાં ગણાય છે.

૭) અંતિમ વસ્તુઓનું મૂલ્ય ધ્યાનમાં લઇ બેવડી ગણતરી ટાળવામા આવે છે.

૮) ઉત્પાદનના જુદા જુદા તબક્કાઓમાં વસ્તુનું નાણાકીય મૂલ્ય વધે છે.મૂલ્યના વધારાને અલગ તારવી કુલ મૂલ્ય વધારી રાષ્ટ્રીય આવકની ગણતરીમાં લેવામાં આવે.

૯)વસ્તુનું પુન:વેચાણ મૂલ્ય રાષ્ટ્રીય પેદાશમાં ગણાતું નથી

૧૦) ઉત્પાદન-પ્રક્રિયા દરમિયાન મૂડી સાધનોનો ઘસારો બાદ કરી રાષ્ટ્રીય પેદાશ ગણવામાં આવે છે.

૧૧) રાષ્ટ્રીય પેદાશમાં નિકાસ મૂલ્ય ઉમેરવામાં આવે છે. અને આયાત મૂલ્ય બાદ કરવામાં આવે છે.

૧૨) રાષ્ટ્રીય પેદાશમાં દાણચોરી કે ગેરકાયદેસર વસ્તુનું મૂલ્ય ગણતરીમાં લેવાતું નથી.